અપીલ અરજી નં.INQ/FAP/૧, તા.૨૫–૫–૧૨
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૪૭૬

અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.

ફરીયાદની હકીકત :–

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની તા.૧૨–૦૪–૨૦૧૨ ની કાયદા ખાતા, મ.શ.વિ.ખાતુ, ટાઉનપ્લાનીંગ ખાતુ, ખાતાકીય તપાસ ખાતુ, સા.ઈ.લિ.ઝોન શ.વિ.ખાતાને કરેલ અરજી આઈ.ડી.નં.૮૧ થી મુદ્દા નં.૧ થી ૮ પૈકી મુદ્દા નં.૮ "રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી" ના બાંધકામના પ્લાન બાબતેની ખાતાકીય તપાસ તથા તે સંદર્ભે જે કોઈ અધિકારીઓની ખાતાકીય તપાસની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ નં.INQ/FAP/નં.૧ તા.૨૫–૫–૧૨.

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા તા.૧૨–૪–૧૨ ની અરજીથી " રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી" ના બાંધકામના પ્લાન બાબતેની થયેલ ખાતાકીય તપાસ તથા તે સંદર્ભે જે કોઈ અધિકારીઓની ખાતાકીય તપાસની માહિતી આપવા સદરહુ માહિતી (અરજીના મુદ્દા નં.૮) અંગેનો નિર્ણય આજદિન સુધી મળ્યો ન હોવાના કારણે નારાજ થઈ અરજદારે અત્રેના ઈન્કવાયરી વિભાગના અપીલ અધિકારીને તા.૨૫–૫–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને અરજદારે આર.ટી.આઈ.ની આઈ.ડી.નં.૮૧ તા.૧૨–૪–૧૨ થી મુદ્દા નં.૧ થી ૮ માં જે તે કલમ સહિત કાયદાની જોગવાઈ મુજબની માહિતી વિનામુલ્યે પૂરી પાડવી તેમજ અરજદારને થયેલ હેરાનગતી બદલ યોગ્ય વળતર ચૂકવણી આપવા સહિતની યોગ્ય દાદ અપાવશો તેમ જણાવેલ છે.

અરજદારે રજૂ કરેલ નમુના–ક ની અરજી વંચાણે લેતા, અરજદાર ધ્વારા તેમની તા.૧૨–૪–૧૨ ની અરજીથી નીચે મુજબ ૮ મુદ્દા ની માહિતી માંગેલ.

મુદ્દા નં.૧ઃ– રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી લિંબાયતની રજા ચીઠ્ઠી રદ કરી જે તે કાયદા અંર્તગત રદ કરી હોય તેની જોગવાઈ અને કલમો સહિતની સંપૂર્ણ માહિતી.

મુદ્દા નંઃ–૨ રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીની રજાચીઠ્ઠી કાયમ કરી બાંધકામ ફરી શરુ કરવાની પરવાનગી આપી છે તે જે કાયદાની જે જોગવાઈ મુજબ પરવાનગી આપી તે કાયદાની કલમો સહિતની માહિતી આપવા.

મુદ્દા નંઃ–૩ રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીની તમામ બાંધકામની રજાચીઠ્ઠી રદ કરી હતી તો રજાચીઠ્ઠી કાયમ કરી પરવાનગી ફકત એક પાર્ટીની આપી છે તો આ મસગ્ર બાબતની જોગવાઈઓ અને કયા કાયદાની કઈ જોગવાઈ જે કાયદાની જે જોગવાઈ મુજબ અલગ અલગ ભાગ પાડી રજાચીઠ્ઠી રદ કરી અને મંજુર (પાસ) કરી તે કાયદાની જોગવાઈ અને કલમો સહિતની સંપૂર્ણ માહીતી આપવી.

મદ્દા નંઃ–૪ રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીના પ્લાન પાસ વિરુધ્ધના બાંધકામ કરવા દેનાર, બાંધકામ નહીં અટકાવનાર બિલ્ડર સાથે મેળાપીપણા કરી પ્લાન પાસ વિરુધ્ધનું બાંધકામ થવા દેનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી.

મુદ્દા નંઃ–૫ રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીમાં જાહેર હેતુ માટે જે રીઝર્વેશન મુકવામાં આવેલ તેની તારીખ, રીઝર્વેશન ઉઠાવી લીધું હોય તો તે તારીખ તથા રીઝર્વેશન જે કાયદાની જે જોગવાઈ મુજબ મુકવામાં અને ઉઠાવવામાં આવ્યં હોય તેની કલમો સહિતની કાયદાકીય માહિતી આપવી.

મુદ્દા નંઃ–૬ સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્લાન પાસ વિરુધ્ધના ઘણાં બાંધકામો દુર કરવામાં આવેલ છે અમુક આર્કીટેકટ વિરુધ્ધ પોલીસ ફરીયાદ થઈ છે તે મુજબના પગલા રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીમાં લીધેલ, ન લીધેલ તથા જે આર્કીટેકટ વિરુધ્ધ પગલા ભરેલ તે જે કાયદાની જે જોગવાઈ મુજબની માહિતી તથા રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીમાં પગલા ભરેલ નથી, બાંધકામ દુર કરેલ નથી તે જે કાયદાની જે જોગવાઈ મુજબ (છાવરેલ) બચાવેલ, સેટીંગ કરેલ તે જોગવાઈ અને કલમો સહિતની સંપર્ણ માહિતી આપવી.

મુદ્દ નંઃ–૭ પ્લાન પાસે વિરુધ્ધનું બાંધકામ થયું તેનું ક્ષેત્રફળ તથા તે ન અટકાવનાર અધિકારીઓના નામ તથા જે સમયગાળા દરમ્યાન આ બાંધકામ થયું તે તથા સમયગાળાની સાઈટે વીઝીટ સહિતની સમગ્ર વિસ્તૃત માહિતી આપવી. સાઈટ વીઝીટ પછી ઉપરી અધિકારીઓને રીપોર્ટ ન કરેલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી.

મુદ્દાનંઃ–૮ રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીની ખાતાકીય તપાસની સંપૂર્ણ માહિતી આપવી. તથા તે સંદર્ભે અધિકારીઓની ખાતાકીય તપાસની માહિતી આપવી.

અરજદારે કરેલ અપીલ અન્વયે અત્રેના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૩૧/૫/૨૦૧૨ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં જણાવેલ છે કે, અરજદારે અપીલ સાથે નમુના–ક ની અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સેન્ટ્રલઝોનનો પત્ર નં.સે.ઝોન/આર ટી આઈ/જાવક/૧૨૫, તા.૧૩–૪–૧૨ ની નકલ સામેલ કરેલ છે. જે અરજી તેમજ પત્રની વિગતે અત્રેના ખાતાના ઈનવર્ડ રજીસ્ટરો તપાસતા આવી કોઈ અરજી કે પત્ર અત્રેના ખાતાને સેન્ટ્રલઝોનના આરટીઆઈ સેલ તરફથી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી. ઉપરોકત બાબતે સેન્ટ્રલઝોનના આરટીઆઈ સેલમાં મૌખિક તપાસ કરતા તેમજ તે ટપાલબુક અત્રેના

ખાતામાં રૂબરૂ મંગાવી જોતા તેમાં તા.૧૬–૪–૧૨ ના રોજ જાવક નં.૯૯ તેમજ જાવક નં.૧૨૫ વાળા પત્રોની નોંધણી કરી મોકલવામા આવેલ, પરંતુ તેમાં ફકત જાવક નં.૯૯ વાળો પત્ર જ સ્વીકારવામાં આવેલ, જયારે પત્ર નં.૧૨૫ નો પત્ર તે સમયે ટપાલમાં સાથે આવેલ ન હોવાથી સ્વીકારવામાં આવેલ નહી અને ટપાલબુકમાં તે પત્ર નં.૧૨૫ ટપાલબુક સાથે સામેલ ન હોય અત્રે મળેલ ન હોય જે તે તારીખે તેના ઉપર રાઉન્ડ કરીને ચોકડી મારીને માર્ક કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત હકીકતે અરજદારની મુળ નમુના–ક ની અરજી જ અત્રેના ખાતાને મળેલ ન હોવાથી, અરજીમાં જણાવેલ મુદ્દાઓ પૈકી અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૮ થી માહિતી અરજદારને તે સમયે આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાં અરજદારે નમુના–ક ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૮ થી માંગેલ માહિતી અન્વયે અત્રેના ખાતાનો રેકર્ડ તપાસતા 'રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી' ના બાંધકામ કે પ્લાન બાબતેની કોઈપણ અધિકારીઓની ખાતાકીય તપાસની કાર્યવાહી અત્રેના ઈન્કવાયરી વિભાગમાં થયેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ જોતા જણાતું નથી.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા રજૂ કરવામાં આવેલ પૂર્તતા અહેવાલની હકીકત ધ્યાને લેતા, હાલના એપેલન્ટની મુળ નમુના–ક ની અરજી સેન્ટ્રલઝોન ધ્વારા જે તે સમયે ઈન્કવાયરી વિભાગને તબદીલ કરવામાં આવેલ ન હોય, જે તે સમયે ઈન્કવાયરી વિભાગ તરફથી અરજદારને માહિતી પુરી પાડી શકાયેલ નથી જે ખુબ જ સ્પષ્ટ છે. વળી, જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ અહેવાલ જોતા અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૮ બાબતે ઈન્કવાયરી વિભાગે માહિતી આપવાની રહે છે. જે મુદ્દા નં.૮ બાબતે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ માહિતી મુજબ રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી' ના બાંધકામ કે પ્લાન બાબતેની કોઈપણ અધિકારીઓની ખાતાકીય તપાસની કાર્યવાહી અત્રે થયેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ જોતા જણાતું નથી, તેવો પૂર્તતા રીપોર્ટ રજૂ કરેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી ધ્વારા ઈરાદાપૂર્વક માહિતી આપી નથી તેવું પ્રસ્થાપિત થતુ નથી.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૪–૧૨ ની મુળ અરજીમાં માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૮ અંગે પૂર્તતા અહેવાલમાં જણાવેલ વિગતે અરજદારને આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૦૭ માં અત્રેની જાણ હેઠળ માહિતી પુરી પાડવા સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં માંગેલ દાદમાં જણાવ્યા મુજબ આર.ટી.આઈ. એકટની કલમ–૨૦ મુજબ દંડ કરવાની તેમજ શિસ્તવિષયક પગલા ભરવાની સત્તા રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાત રાજયને હોય, તે અંગેની કોઈ કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી નથી.

સહી/–

નં.જીએડી/ઈએસટી/આઈ/૧૭૧ (એમ. ડી. સોલંકી)
તા.૦૫–૦૬–૨૦૧૨ ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૨,**
**તા.૦૭–૦૯–૧૨**

**અરજદાર : શ્રી મહેતા અમિતધીરજભાઈ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની શ્રી મહેતા અમિત ધીરજભાઈની તા.૨૭/૮/૧૨ ના રોજની અરજી આઈ.ડી.નં.૯૪૧(સેન્ટ્રલઝોન) થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ નં.INQ/FAP/૨, તા.૦૭–૦૯–૧૨

અરજદારની તા.૨૭/૮/૧૨ ના રોજની અરજી આઈ.ડી.નં.૯૪૧(સેન્ટ્રલઝોન) થી વરાછાઝોનના શહેરી વિકાસ ખાતામાં ફરજ બજાવતા અધિકારી નામે શ્રી નિલાગ ગાયવાલા બાબતે માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭૩, તા.૦૩/૦૯/૨૦૧૨ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ ઈન્કવાયરી વિભાગના અપીલ અધિકારીને તા.૦૭–૦૯–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અપીલમાં અરજદારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) વિરૂધ્ધ માહિતી ખોટી આપી ઉંધા માર્ગે દોરાવવાનો તથા તેમની ઉપર કડક રીતે શિક્ષાત્મક પગલા ભરવા તથા તેમની ઉપર તાત્કાલીક પોલીસ ફરીયાદ કરવા વિગેરે બાબતે રજુઆત કરેલ છે.

અરજદારે રજૂ કરેલ નમુના–ક ની અરજી વંચાણે લેતા, અરજદાર ધ્વારા તેમની તા.૨૭/૮/૧૨ ના રોજની અરજી આઈ.ડી.નં.૯૪૧(સેન્ટ્રલઝોન) થી વરાછાઝોનના શહેરી વિકાસ ખાતામાં ફરજ બજાવતા અધિકારી નામે શ્રી નિલાગ ગાયવાલા બાબતે તેમની નિમણૂંકની તારીખ, પગાર, લાયકાત, અનુભવ, ફરજના સ્થળની વિગતો, દફતરી તપાસ કે કોઈ નોટીસ આપવામાં આવેલ હોય કે શિક્ષાત્મક પગલા ભરવામાં આવ્યા હોય, પ્રમોશન અંગે, તેમની માલિકીની મિલકત, તેમના વિસ્તારમાં થયેલા ગેરકાયદેસર બાંધકામો વિગેરે બાબતે દસ્તાવેજી પુરાવાઓ સાથેની વિગતની માંગણી કરેલ.

અરજદારે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૫/૯/૨૦૧૨ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં જણાવેલ છે કે, અરજદારની તા.૨૭–૦૮–૧૨ ના રોજની અરજી આઈ.ડી. નં.૯૪૧(સેન્ટ્રલઝોન) થી નમુના – ક માં માહિતી માંગતી કરેલ અરજી ડે.ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૮૫ તા.૨૮–૮–૨૦૧૨ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. જે અન્વયે અરજીના અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૩ મુજબ "વરાછાઝોનના શહેરી વિકાસ ખાતામાં ફરજ બજાવતા અધિકારી નામે શ્રી નિલાગ ગાયવાલા સામે ફરજ પર જોડાયા ત્યારથી આજ દિન સુધીમાં તેઓ સામે કોઈ દફતરી તપાસ કે કોઈ નોટીસ કે લેખિતમાં કરવામાં આવી હોય તે બાબતે સંપુર્ણ માહિતી" માંગેલ. જે માંગવામાં આવેલ માહિતી અન્વયે ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ તપાસતા સદર કર્મચારીને અત્રેથી કોઈપણ પ્રકારની નોટીસો ઈસ્યુ કરવામાં આવેલ ન હોવાનું જણાયેલ. સબબ, તે અંગેની માહિતી અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭૩, તા.૦૩/૦૯/૨૦૧૨ થી આપવામાં આવેલ. હાલ વરાછાઝોનના શહેરી વિકાસ ખાતામાં આસી.ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી નિલાંગ ગાયવાલા(કર્મ.નં.૩૬૪૮૩) સુરત મહાનગરપાલિકામાં તા.૨૨/૦૧/૨૦૦૯ ના રોજ જોડાયા છે અને તે અન્વયે અત્રેના ખાતાનો રેકર્ડ તપાસતા સદરહુ કર્મચારીને અત્રેથી કોઈપણ પ્રકારની નોટીસો ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું કે કોઈપણ પ્રકારની કાર્યવાહી અત્રેના ખાતામાંથી કરવામાં આવેલ હોવાનું રેકર્ડ જોતા જણાતું નથી. જે અંગેનો અરજદારને આપવામાં આવેલો જવાબ યોગ્ય અને રેકર્ડ આધારિત છે.

અત્રેથી અરજદારને કોઈ ખોટો જવાબ આપેલ નથી કે અરજદારે તે અંગેના કોઈ પુરાવા તેમની અપીલ સાથે સામેલ કરેલ નથી. જેથી અરજદારે હાલની અપીલમાં જે કારણો દર્શાવેલા છે તેમાં કોઈ વજૂદ નથી. સબબ, અરજદાર તેમની અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા રજૂ કરવામાં આવેલ પૂર્તતા અહેવાલની હકીકત ધ્યાને લેતા, હાલના એપેલન્ટની મુળ નમુના–ક ની અરજી સેન્ટ્રલઝોન ધ્વારા જે તે સમયે ઈન્કવાયરી વિભાગને તબદીલ કરવામાં આવેલ અને ઈન્કવાયરી વિભાગ તરફથી ખાતાને લાગત મુદ્દા નં.૩ અન્વયે રેકર્ડ આધારિત જવાબ અરજદારને પાઠવેલ છે. વળી, જાહેર માહિતી અધિકારી ધ્વારા રજૂ કરવામાં આવેલ પૂર્તતા રીપોર્ટ અનુસાર અરજદારની અરજીમાં વિવિધ મુદ્દાઓથી શ્રી નિલાંગ ગાયવાલા બાબતે માંગેલ જુદી જુદી માહિતીઓ અન્વયે ઈન્કવાયરી ખાતાને લાગત પ્રશ્ન યાને કે ખાતાકીય તપાસ કે નોટીસ અંગે માંગવામાં આવેલ માહિતી બાબતેના લાગત મુદ્દાનો ઈન્કવાયરી વિભાગના જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ આધારિત જવાબ પાઠવેલ છે. અરજદારે અપીલ કરતી વખતે ફકત જાહેર માહિતી અધિકારીએ ખોટો જવાબ આપેલ હોવાની રજૂઆત કરેલ છે. પરંતુ તે અગેના કોઈ આધાર–પુરાવા અપીલ સાથે રજૂ કરેલા નથી. આમ, જાહેર માહિતી અધિકારી ધ્વારા ઈરાદાપૂર્વક ખોટી માહિતી આપેલ હોવાનું કે અપીલમાં જણાવ્યા મુજબ ગેરમાર્ગે દોરેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી.

સબબ, અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા રીપોર્ટમાં રજૂ કરેલ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

અરજદારની તા.૨૭–૦૮–૧૨ ના રોજની અરજી આઈ.ડી. નં.૯૪૧(સેન્ટ્રલઝોન) થી માહિતી માંગતી કરેલ અરજીના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૩ પુરતો ઉપલબ્ધ રેકર્ડ મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ધ્વારા તા.૩–૯–૨૦૧૨ ના રોજ આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. વધુમાં અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) સામે પોલીસ ફરીયાદ દાખલ કરવા સબબ માંગેલ દાદ, અધિનિયમની કલમ–૨૧ માં કરવામાં આવેલ જોગવાઈ જોતા અયોગ્ય હોય, અરજદારની નીચે સહી કરનાર અપીલ અધિકારીને કરવામાં આવેલ અપીલ અંગે અત્રેના ઈન્કવાયરી વિભાગ તરફથી વિશેષ કાંઈ કરવાનું રહેતું નથી અને અત્રેની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૫૨
તા. ૦૧–૧૦–૨૦૧૨

**પ્રતિ,**

(૧) શ્રી મહેતા અમિત ધીરજભાઈ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૩,**
**તા.૧૫–૧૦–૧૨**
**તા.૧૯–૧૦–૧૨**

**અરજદાર : શ્રી પ્રદિપકુમાર ભગવાનભાઈ પટેલ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની શ્રી પ્રદિપકુમાર ભગવાનભાઈ પટેલની તા.૧૪/૯/૧૨ ના રોજની અરજી આઈ.ડી.નં.૧૦૭૮(સેન્ટ્રલઝોન) થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ નં.INQ/FAP/૩, તા.૧૫–૧૦–૧૨ તથા ૧૯–૧૦–૧૨

અરજદારની વિષય હેઠળની અરજીથી માંગેલ માહિતી અન્વયે અરજદારે પ્રથમ તા.૧૫–૧૦–૧૨ ના રોજ તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૭, તા.૧૦/૧૦/૨૦૧૨ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ ઈન્કવાયરી વિભાગના અપીલ અધિકારીને તે જ અરજી અન્વયે ફરીથી તા.૧૯–૧૦–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. આમ, અરજદારે એકજ નમુના–ક ની અરજી અન્વયે બે અપીલો કરેલ. જેને અપીલ રજીસ્ટરે એકજ નંબરે નોંધવામાં આવેલ છે.

## *અપીલના મુદ્દા :–*

તા.૧૫–૧૦–૧૨ ના રોજ આપેલ અપીલમાં "માંગેલી માહિતીનો સમયગાળો ત્રણ દિવસ દર્શાવેલ હોવા છતાં ૩૦ દિવસ સુધીમાં માહિતી પુરી પાડવામાં આવેલ નથી" તેવા કારણસર અપીલ કરેલ. તે દરમ્યાન જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ જવાબ તેઓને પોસ્ટ મારફત મળતા ફરીથી તા.૧૯–૧૦–૨૦૧૨ ના રોજ અપીલ સાથે અલાયદુ પત્રક સામેલ કરી નીચે જણાવેલા કારણો દર્શાવી અપીલ કરેલ છે.

(૧) જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૭, તા.૧૦/૧૦/૨૦૧૨ અમોને તા.૧૭/૧૦/૨૦૧૨ ના રોજ મળેલ છે. તેનું કારણ શું?
(૨) જાહેર માહિતી અધિકારી ૨૦૦૫ ની કલમ ૮(૧) ના કયા સબકલોઝ હેઠળ માહિતી નકારવામાં આવી છે તે અંગે સરકારશ્રીના કથિત પરિપત્ર અને સબકલોઝની માહિતી આપવામાં આવેલ નથી.
(૩) માહિતી નિયત સમયમર્યાદામાં આપવામાં આવેલ નથી તેનું કારણ શું?
(૪) સંપુર્ણ માહિતીની પ્રમાણિત નકલ વિના મુલ્યે મળવી જોઈએ.
(૫) સેકશન ઓફીસર જાહેર માહિતી અધિકારીની નિમણૂંકના હુકમની નકલ આપવી.
(૬) D.I.O./એપેલેટ ઓફિસરની નિમણૂંકની નકલ આપવી

અરજદારે રજૂ કરેલ નમુના–ક ની અરજી વંચાણે લેતા, અરજદાર ધ્વારા તેમની સદર અરજીથી "શ્રી એચ. એલ. પટેલ મ્યુ. સેક્રેટરીની તાજેતરની ખાતાકીય તપાસના તારણ રીપોર્ટ તથા તેમના કિસ્સામાં ફરજ મોકુફી હેઠળના કર્મચારીના પુનઃસ્થાપિત કરવા સંબંધી કથીત સમીક્ષા કમિટિના પત્ર વ્યવહાર / નોંધ વિભાગની પ્રમાણીત તમામ નકલો" ની માંગણી કરેલ.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદારે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૩૦/૧૦/૨૦૧૨ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

અરજદારની ઉકત માંગણી અન્વયે શ્રી એચ. એલ. પટેલની ખાતાકીય તપાસના અહેવાલ સંદર્ભે વિચારણા ચાલી રહી હોય, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃવહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ, ગાંધીનગરમાં સૂચના નં.૩ માં નિર્દિષ્ટ કર્યા મુજબ તેમજ માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમ–૮(૧) માં કરવામાં આવેલ જોગવાઈઓ જોતા તપાસ અહેવાલની નકલ હાલ આપી શકાય તેમ ન હોવાથી તેઓને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૭, તા.૧૦/૧૦/૨૦૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ. જયારે અરજીમાં માંગ્યા મુજબ અન્ય માહિતી ફરજ મોકુફી હેઠળના કર્મચારીઓના પુનઃસ્થાપિત કરવા સમીક્ષા કમિટિના તા.૧૩/૮/૧૨ ની મીનીટસની નકલ તથા સાદર રજુના રીપોર્ટની નકલ મળી કુલ પાના નંગ–૦૨ અરજદારને અત્રેથી પુરા પાડવા જોગ હોય, તે નકલોના પાના દીઠ રૂા.૨/– લેખે કુલ પાના નંગ–૦૨ ના કુલ રૂા.૦૪/– અંકે રૂપિયા ચાર પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટર ખાતે જમાં કરાવવા પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૪, તા.૧૦/૧૦/૨૦૧૨ થી અરજદારને જણાવવામાં આવેલ. જે અરજદારે જમા કરાવેલ નથી. જયારે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૭ થી માહિતી આપી શકાય નહી તેવો જવાબ પાઠવવામાં આવેલ છે.

અરજદારે તા.૧૫/૧૦/૧૨ ની પહેલી અપીલમાં જે ત્રણ દિવસમાં માહિતી માંગેલ અને તે ૩૦ દિવસ સુધીમાં મળેલ ન હોવાનું જે કારણ દર્શાવેલ છે તે ઉપરોકત હકીકતે ખરુ નથી. અરજદારે દિન–૦૩ માં માહિતીની માંગણી કરેલ. પરંતુ માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૭(૧) માં દિન–૩૦ માં માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે અનુસાર અરજદારને અત્રેથી તા.૧૦/૧૦/૧૨ ના રોજ દિન–૩૦ ની સમયમર્યાદામાં બે અલગ અલગ પત્રોથી જવાબ પાઠવી દેવામાં આવેલ તેમજ આપવાજોગ નકલ અંગેના નાણાં જમા કરવા જણાવવામાં આવેલ.

અરજદારે તા.૧૯/૧૦/૨૦૧૨ ના રોજ ફરીથી અપીલ કરી જે કારણો દર્શાવેલા છે તે કારણોવાઈઝ પુર્તતા નીચે મુજબ છે.

(૧) કારણના મુદ્દા નં.૧ અંગે જણાવવાનું કે, અરજદારને અત્રેથી તા.૧૦/૧૦/૧૨ ના રોજ દિન–૩૦ ની સમયમર્યાદામાં બે અલગ અલગ પત્રોથી એક મુદ્દા માટે જવાબ પાઠવી દેવામાં આવેલ તેમજ બીજા મુદ્દા માટે આપવાજોગ નકલ અંગેના નાણાં જમા કરવા જણાવવા અંગેના પત્રો એક જ કવરમાં સમયમર્યાદામાં તા.૧૦/૧૦/૧૨ ના રોજ પોસ્ટ મારફત મોકલવામાં આવેલ. જે પત્રો અરજદારને ટપાલ મારફત મળ્યા હોય. જેથી સમયમર્યાદા બાદ માહિતી આપેલ છે તેવું ફલિત થતું નથી. જેથી તેનું કારણ અત્રેથી જણાવવાનું રહેતું નથી.

(૨) કારણના મુદ્દા નં.૨ અંગે જણાવવાનું કે, તેમાં જણાવેલા પરિપત્ર અને કાયદાની કલમ, જાહેર કાયદાઓનો એક ભાગ હોય, તેની અલાયદી માહિતી આપવાની રહેતી નથી. તેમ છતાં અરજદારને તેવા અંગેની માહિતીની જરૂર હોય તો તે મહાનગરપાલિકાની વેબસાઈટ http://suratmunicipal.gov.in ઉપર The RTI Act વિભાગમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેના પરથી મેળવવા સ્વતંત્ર છે.

(૩) કારણના મુદ્દા નં.૩ અંગે જણાવવાનું કે, અરજદારને અત્રેથી તા.૧૦/૧૦/૧૨ ના રોજ સમયમર્યાદામાં બે અલગ અલગ પત્રોથી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જેથી સમયમર્યાદામાં કાર્યવાહી કરવામાં આવેલ છે, તેથી તેનું કારણ જણાવવાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી.

(૪) કારણના મુદ્દા નં.૪ અંગે જણાવવાનું કે, અરજદારે અરજી કર્યા તારીખથી સમયમર્યાદામાં કાર્યવાહી કરવામાં આવેલ હોય, તેમજ માંગવામાં આવેલ માહિતી પૈકીની તારણ રીપોર્ટની માંગણી ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃવહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ, ગાંધીનગર તેમજ માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમ–૮ માં કરવામાં આવેલ જોગવાઈઓ હેઠળ નકારવામાં આવેલ હોય, નકલ વિના મુલ્યે આપવાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી.

(૫) કારણના મુદ્દા નં.૫ અને ૬ અંગે જણાવવાનું કે, જાહેર માહિતી અધિકારી અને એપેલેટ ઓફીસરની નિમણૂંક અંગેની માહિતી અરજદારે તેઓની નમુના–ક ની અરજીમાં માંગેલ નથી. જેથી અપીલમાં માંગણી કર્યેથી આપી શકાય નહી. તેવી માહિતી અરજદારે નવેસરની નમુના–ક માં અરજી કરી નિયત ફી ની ચૂકવણી કરી મેળવી શકે છે. તેમ છતાં સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારી અને એપેલેટ અધિકારીઓની નિમણૂંક અંગેની માહિતી મહાનગરપાલિકાની વેબસાઈટ http://suratmunicipal.gov.in ઉપર The RTI Act વિભાગમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેના પરથી અરજદાર માહિતી મેળવી શકે છે.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા રજૂ કરવામાં આવેલ પૂર્તતા અહેવાલની હકીકત ધ્યાને લેતા, હાલના એપેલન્ટની મુળ નમુના–ક ની અરજી સેન્ટ્રલઝોન ધ્વારા જે તે સમયે ઈન્કવાયરી વિભાગને તબદીલ કરવામાં આવેલ અને ઈન્કવાયરી વિભાગ તરફથી તા.૧૦–૧૦–૨૦૧૨ ના રોજના બે અલગ અલગ પત્રો નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૪ અને ૪૭૭ થી એક મુદ્દા અંગે જવાબ પાઠવેલ છે. જયારે બીજા મુદ્દા માટે નાણાં ભરવા જણાવેલ છે. જે આપવામાં આવેલ જવાબ સમયમર્યાદમાં પાઠવી દીધેલ હોવાનું જણાય છે. આમ, અરજદારની તા.૧૪–૯–૧૨ ની મુળ નમુના–૪ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવી દીધેલ હોવાનું રેકર્ડ જોતા જણાય છે.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ધ્વારા તા.૧૦–૧૦–૨૦૧૨ ના રોજ પત્ર નં.૪૭૭ થી અરજદારની શ્રી એચ. એલ. પટેલ મ્યુ. સેક્રેટરીની તાજેતરની ખાતાકીય તપાસના તારણ રીપોર્ટ માંગણી, સદર રીપોર્ટ ઉપર હાલ વિચારણા ચાલી રહી હોવાથી ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃવહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ, ગાંધીનગરમાં સૂચના નં.૩ માં નિર્દિષ્ટ કર્યા મુજબ તેમજ માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમ–૮(૧) માં કરવામાં આવેલ જોગવાઈ હેઠળ નકારવામાં આવેલી. જે અન્વયે સદરહુ પરિપત્ર અને ઉલ્લેખેલ કાયદાની કલમમાં કરવામાં આવેલ જોગવાઈ જોતા આપવામાં આવેલ જવાબ સુસંગત અને યોગ્ય છે. વધુમાં અરજદારે તા.૧૯–૧૦–૧૨ ના રોજ ફરીથી આપેલ અપીલમાં જણાવેલા મુદ્દાઓ જોતા અરજદારને તે જવાબ ટપાલમાં મુદત બાદ મળ્યો હોય, તે કાબુ બહારના સંજોગો હોય, તેના કોઈ કારણ જણાવી શકાય નહી. વળી, અરજદારે અપીલમાં પરિપત્ર અને કાયદાની કલમની નકલની માંગણી કરેલ છે. પરંતુ તે બાબત જાહેર કાયદાનો એક ભાગ હોય, તેની અલાયદી માહિતી આપવાની રહેતી નથી. વળી, અરજદારે જાહેર માહિતી અધિકારી અને એપેલેટ અધિકારીની નિમણુંકના હુકમોની પણ માંગણી કરેલ છે. પરંતુ આ માંગણી તેઓએ નમુના–ક ની અરજીમાં સામેલ કરી ન હોવાની અપીલના તબકકે માંગણી કર્યેથી મળવાપાત્ર નથી. વળી, અરજદારે કાયદાની કલમ, પરિપત્ર તેમજ જાહેર માહિતી અધિકારી અને એપેલેટ અધિકારીની નિમણૂંક અંગેના હુકમોની માંગણી કરેલ છે તેવી માહિતી મહાનગરપાલિકાની વેબસાઈટ http://suratmunicipal.gov.in ઉપર The RTI Act વિભાગમાં જાહેર જનતા માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેથી અરજદાર તેના પરથી માંગ્યા મુજબની માહિતી મેળવવા સ્વતંત્ર

છે. વળી, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાઠવવામાં આવેલા બંને પત્રો અરજદારને એકસાથે મળેલ હોવા છતાં અરજદારે પત્ર નં.૪૭૭ બાબતે અપીલમાં મુદ્દા ઉપસ્થિત કરેલ છે. પરંતુ પત્ર નં.૪૭૪ થી આપવાજોગ માહિતી સબબ નકલ ફીના નાણાં ભરવા જાણ કરેલ તે પત્રનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. પરંતુ રેકર્ડ જોતા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સમયમર્યાદામાં નકલ ફી ના નાણાં ભરવાની જાણ કરેલ છે. જેથી અરજદારે માંગ્યા મુજબ વિના મુલ્યે માહિતી આપી શકાય નહી. જેથી અરજદાર તેઓને જણાવવામાં આવેલ નાણાં જમા કરાવી મળવાજોગ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) કનેથી મેળવવા સ્વતંત્ર છે.

સબબ, અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા રીપોર્ટમાં રજૂ કરેલ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

***હુકમ:–***

અરજદારની નીચે સહી કરનાર અપીલ અધિકારીને તા.૧૫–૧૦–૧૨ તેમજ તા.૧૯–૧૦–૧૨ ના રોજ બે અલગ અલગ પત્રોથી કરવામાં આવેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૧૦/૧૦/૧૨ ના રોજ બે અલગ અલગ પત્રોથી સમયમર્યાદામાં જવાબ આપી દીધેલ હોય, અપીલમાં અંગે અત્રેની કક્ષાએથી વિશેષ કાંઈ કરવાનું રહેતું નથી. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૧૦/૧૦/૧૨ ના પત્ર નં.૪૭૪ થી જે માહિતીના નાણાં ભરવા જણાવેલ છે. તે પત્ર અન્વયેના નાણાં અરજદારે જમા કરાવ્યેથી, જાહેર માહિતી અધિકારીએ માહિતી પુરી પાડવાની રહેશે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૫૨૨
તા.૦૫–૧૧–૨૦૧૨

**પ્રતિ,**

(૧) શ્રી પ્રદિપકુમાર ભગવાનભાઈ પટેલ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૪,**
**તા.૨૦–૧૦–૧૨**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **મો.ઈદરીશ મો.ઈસ્માઈલ કિનખાબવાલા** |
| **સામાવાળા** | **:** | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની અરજદાર મો.ઈદરીશ મો.ઈસ્માઈલ કિનખાબવાલાની તા.૨૦/૯/૧૨ ના રોજની અરજી આઈ.ડી.નં.૧૧૧૮(સેન્ટ્રલઝોન) થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ નં.INQ/FAP/૪ તા.૨૦–૧૦–૧૨.

## *અપીલના મુદ્દા :–*

અરજદારની વિષય હેઠળની નમુના–ક ની અરજીથી માંગેલ માહિતી અન્વયે અરજદારે સંદર્ભ હેઠળની અપીલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) તરફથી તેઓની નમુના–ક ની અરજી રજૂ કર્યાના ૩૦ દિવસમાં પ્રતિભાવ મળ્યો ન હોવાનું કારણ દર્શાવી કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદારે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૩૦/૧૦/૨૦૧૨ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

અરજદારે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ અન્વયે નમુના –'ક' માં માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૧૧૧૮(સેન્ટ્રલઝોન), તા.૨૦–૯–૧૨ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લાગત હોવાનું જણાવી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૩૪, તા.૨૪/૯/૧૨ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ.

સદરહુ અરજીથી અરજદારે મ્યુ. સેક્રેટરી શ્રી એચ. એલ. પટેલ ને ફરજ મોકુફી હેઠળ રાખવાના કારણો તે અંગેના ઓફીસ રીપોર્ટસની નકલ, તેમના ખાતાકીય તપાસ અહેવાલના નિર્ણયની પ્રમાણિત નકલોની માંગણી કરેલ. પરંતુ શ્રી એચ. એલ. પટેલની ખાતાકીય તપાસના અહેવાલ સંદર્ભે કોઈ નિર્ણય લેવામાં આવેલ ન હોય તે અહેવાલ ઉપર નિર્ણય લેવા અંગે વિચારણા ચાલી રહી હોય, માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમ–૮(૧) માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃવહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ, ગાંધીનગરમાં સૂચના નં.૩ માં નિર્દિષ્ટ કર્યા મુજબ અરજદારની માંગણી નકારવામાં આવેલ અને તે અંગે અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૬, તા.૧૦/૧૦/૨૦૧૨ થી જવાબ આપવામાં આવેલ અને અરજદારે મ્યુ. સેક્રેટરી શ્રી એચ. એલ. પટેલને ફરજ મોકુફી હેઠળ રાખવાના કારણો અંગેની કરેલ માંગણી અન્વયે તે અંગે તેઓને આપવાજોગ માહિતીની નકલના પાના નંગ–૦૧ ના રૂા.૦૨/– અંકે રૂપિયા બે પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટર ખાતે જમાં કરાવવા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૫, તા.૧૦/૧૦/૨૦૧૨ થી જણાવવામાં આવેલ. જે નાણાં અરજદારે જમા કરાવેલ ન હોય અત્રેથી આપવાજોગ નકલ પુરી પાડવામાં આવેલ નથી.

વળી, અરજદારે અપીલમાં જે ૩૦ દિવસ સુધીમાં પ્રતિભાવ મળેલ ન હોવાનું જે કારણ દર્શાવેલ છે તે ઉપરોકત હકીકતે ખરુ નથી. અરજદારે તેઓની નમુના–ક ની અરજીથી માંગેલ માહિતી દિન–૦૩ માં પુરી પાડવા માંગણી કરેલ. પરંતુ માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૭(૧) માં દિન–૩૦ માં માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે અનુસાર અરજદારને અત્રેથી તેઓની નમુના–ક ની અરજીની તારીખથી દિન–૩૦ ની મર્યાદામાં તા.૧૦/૧૦/૧૨ ના રોજ સમયમર્યાદામાં બે અલગ અલગ પત્રોથી જવાબ પાઠવી દેવામાં આવેલ. જેથી અપીલમાં જે કારણ દર્શાવેલ છે. તે ઉપરોકત હકીકતે ખરુ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા રજૂ કરવામાં આવેલ પૂર્તતા અહેવાલની હકીકત ધ્યાને લેતા, હાલના એપેલન્ટની મુળ નમુના–ક ની અરજી સેન્ટ્રલઝોન ધ્વારા જે તે સમયે ઈન્કવાયરી વિભાગને તબદીલ કરવામાં આવેલ અને ઈન્કવાયરી વિભાગ તરફથી તા.૧૦–૧૦–૨૦૧૨ ના રોજના બે અલગ અલગ પત્રોથી એક મુદ્દા અંગે જવાબ પાઠવેલ છે. જયારે બીજા મુદ્દા માટે નાણાં ભરવા જણાવેલ છે. જે આપવામાં આવેલ જવાબ સમયમર્યાદમાં પાઠવી દીધેલ હોવાનું જણાય છે. આમ, અરજદારની તા.૨૦–૯–૧૨ ની મુળ નમુના–ક ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવી દીધેલ હોવાનું રેકર્ડ જોતા જણાય છે.

અરજદારે મ્યુ. સેક્રેટરી શ્રી એચ. એલ. પટેલ ને ફરજ મોકુફી હેઠળ રાખવાના કારણો તે અંગેના ઓફીસ રીપોર્ટસની નકલ, તેમના ખાતાકીય તપાસ અહેવાલના નિર્ણયની પ્રમાણિત નકલોની માંગણી કરેલ. પરંતુ શ્રી એચ. એલ. પટેલની ખાતાકીય તપાસના અહેવાલ સંદર્ભે કોઈ નિર્ણય લેવામાં આવેલ ન હોય તે અહેવાલ ઉપર નિર્ણય લેવા અંગે વિચારણા ચાલી રહી હોય,

માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમ–૮(૧) માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃવહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ, ગાંધીનગરમાં સૂચના નં.૩ માં નિર્દિષ્ટ કર્યા મુજબ અરજદારની માંગણી નકારવામાં આવેલ અને તે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૬, તા.૧૦/૧૦/૨૦૧૨ થી જવાબ આપવામાં આવેલ. જે અન્વયે સદરહુ પરિપત્ર અને ઉલ્લેખેલ કાયદાની કલમમાં કરવામાં આવેલ જોગવાઈ જોતા આપવામાં આવેલ જવાબ સુસંગત અને યોગ્ય છે.

વળી, અરજદારે મ્યુ. સેક્રેટરી શ્રી એચ. એલ. પટેલને ફરજ મોકુફી હેઠળ રાખવાના કારણો અંગેની કરેલ માંગણી અન્વયે તે અંગે તેઓને આપવાજોગ માહિતીની નકલના પાના નંગ–૦૧ ના રૂા.૦૨/– અંકે રૂપિયા બે પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટર ખાતે જમાં કરાવવા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૫, તા.૧૦/૧૦/૨૦૧૨ થી જણાવવામાં આવેલ. જે નાણાં અરજદારે જમા કરાવેલ ન હોય જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નકલ પુરી પાડવામાં આવેલ નથી.

સબબ, અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા રીપોર્ટમાં રજૂ કરેલ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

***હુકમઃ–***

અરજદારે પ્રથમ અપીલ અધિકારીને તા.૨૦–૧૦–૧૨ ના રોજ કરવામાં આવેલ અપીલમાં જે કારણ દર્શાવેલ છે. જે અંગે ઉપર તારણમાં વર્ણવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદત પૂર્ણ થતા પહેલા તા.૧૦/૧૦/૧૨ ના રોજ સમયમર્યાદામાં હાલના તબકકે માહિતી આપી શકાય તેમ ન હોવા બાબતનો જવાબ પાઠવવામાં આવેલ હોય, અપીલ અંગે અત્રેની કક્ષાએથી ઉપર તારણમાં જણાવ્યા મુજબ વિશેષ કાંઈ કરવાનું રહેતું ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૧૦/૧૦/૧૨ ના પત્ર નં.૪૭૫ થી જે માહિતીના નાણાં ભરવા જણાવેલ છે. તે પત્ર અન્વયેના નાણાં અરજદારે જમા કરાવ્યેથી, જાહેર માહિતી અધિકારીએ માહિતી પુરી પાડવાની રહેશે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

સહી/–

નં.જીએડી/ઈએસટી/આઈ/૫૨૩
તા.૦૫–૧૧–૨૦૧૨

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

**પ્રતિ,**

(૧) મો.ઈદરીશ મો.ઈસ્માઈલ કિનખાબવાલા,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૫,**
**૨૦૧૨–૧૩**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **શ્રી અમિત ધીરજભાઈ મહેતા** |
| **સામાવાળા** | **:** | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

## ફરીયાદની હકીકત :–

વિષય:– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની શ્રી અમિત ધીરજભાઈ મહેતાની તા.૦૩–૦૯–૧૨ ના રોજ કરેલ અરજી આઈ.ડી. નં.૧૦૦૩(સેન્ટ્રલઝોન) થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ:– અરજદારે આયોગ સમક્ષ કરેલ બીજી અપીલ નં.૧૧૦૫૪/૨૦૧૨

અરજદારની વિષય હેઠળની અરજીથી માંગેલ માહિતી મળેલ ન હોવાનું કારણ જણાવી રાજય માહિતી આયોગ સમક્ષ સીધી બીજી અપીલ દાખલ કરેલ. જે અપીલને આયોગમાં બીજી અપીલ નં.૧૧૦૫૪/૨૦૧૨ તરીકે દાખલ કરી રાજય માહિતી કમિશ્નરશ્રીએ તા.૧૨/૧૦/૧૨ ના રોજ આદેશ કરી પ્રથમ અપીલ અધિકારીને અપીલ મોકલી આપી પ્રસ્તુત અપીલનો અધિનિયમની કલમ–૧૯ ની પેટા કલમ–(૬) થી નિર્દિષ્ટ કરાયેલ સમયમર્યાદામાં નિર્ણય કરવા જણાવેલ છે.

## અપીલના મુદ્દા :–

અરજદારે વિષયમાં દર્શાવેલ અરજીથી માંગવામાં આવેલ માહિતી મળેલ ન હોવાનું કારણ દર્શાવી હાલની અપીલ સીધી બીજી અપીલ તરીકે આયોગ સમક્ષ કરેલ છે.

અરજદારે કરેલ અપીલને આયોગમાં બીજી અપીલ નં.૧૧૦૫૪/૨૦૧૨ તરીકે દાખલ કરી રાજય માહિતી કમિશ્નરશ્રીએ તા.૧૨/૧૦/૧૨ ના રોજ આદેશ કરી પ્રથમ અપીલ અધિકારીને અપીલ મોકલી આપી પ્રસ્તુત અપીલનો અધિનિયમની કલમ–૧૯ ની પેટા કલમ–(૬) થી નિર્દિષ્ટ કરાયેલ સમયમર્યાદામાં નિર્ણય કરવા જણાવેલ છે. જેથી અરજદારની અપીલને અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૦૫, ૨૦૧૨–૧૩ થી દાખલ કરવામાં આવેલ છે.

અરજદારે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૨૧/૧૧/૨૦૧૨ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતા:–

અરજદારની મજકુર અરજી આઈ.ડી. નં.૧૦૦૩(સેન્ટ્રલઝોન) ડે.ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૫૫ તા.૦૪–૦૯–૨૦૧૨ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૫/૯/૨૦૧૨ ના રોજ મળેલ. સદરહુ અરજીમાં અરજદારે કતારગામઝોનમાં ફરજ બજાવતા ડે.ઈજનેર શ્રી જયેશ આર. સોલંકી બાબતે માંગેલ માહિતી અન્વયે અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૩ થી તેઓ સામે ફરજ પર જોડાયા ત્યારથી આજ દિન સુધીમાં તેઓની સામે કોઈ દફતરી તપાસ કે કોઈ નોટીસ કે લેખિતમાં કરવામાં આવી હોય તે બાબતે સંપુર્ણ માહિતી માંગેલ.જે અન્વયે અત્રેના ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ તપાસ કરતા હાલ કતારગામઝોનમાં ફરજ બજાવતા ડે.ઈજનેર શ્રી જયેશ આર. સોલંકીને તેઓની વેસ્ટઝોનની ફરજ દરમયાન આપેલ કારણદર્શક નોટીસ અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતના પાના નંગ–૦૪ અરજદારને આપવાજોગ હોય, જે માહિતીની નકલ ફીના પાનાદીઠ રૂા.૨/– લેખે માહિતીની નકલના પાના નંગ–૦૪ ના કુલ રૂા.૮/– અંકે રૂપિયા આઠ પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવવા અંગે અરજદારને સમય મર્યાદામાં પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૪, તા.૧૫–૯–૧૨ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૪૫, તા.૨૬/૯/૧૨ થી જણાવવામાં આવેલ. જે બંને પત્રો અરજદારને મળેલ–સ્વીકારેલ હોવા છતાં અરજદાર તરફથી નકલ ફી ના નાણાં જમા કરાવવામાં આવેલ ન હતા. જેથી અરજદારની અત્રેના ખાતાને લાગત મુદ્દા પુરતી અરજી દફતરે કરવામાં આવેલ અને તે અંગેની જાણ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૯૪, તા.૧૮/૧૦/૨૦૧૨ થી જાણ કરવામાં આવેલ. આમ, અરજદારને માહિતી પુરી પાડવા માટે અત્રેથી સમયમર્યાદામાં પત્રવ્યવહાર કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે નકલ ફી ના નાણાં જમા ન કરાવી માહિતી મેળવેલ ન હોય, અરજદારે અપીલમાં જે માહિતી ન મળ્યા હોવાનું કારણ જણાવેલ છે તે ઉપરોકત હકીકતે ખરુ નથી.

## અપીલ અધિકારીનું તારણ:–

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા રજૂ કરવામાં આવેલ પૂર્તતા અહેવાલની હકીકત ધ્યાને લેતા, હાલના એપેલન્ટની મુળ નમુના–ક ની અરજી સેન્ટ્રલઝોન ધ્વારા જે તે સમયે ઈન્કવાયરી વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ અને ઈન્કવાયરી વિભાગ તરફથી અરજદારને ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૩ અન્વયેની આપવાજોગ માહિતીની નકલોના પાના નંગ–૦૪ ના કુલ રૂા.૮/– અંકે રૂપિયા આઠ પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવવા અંગે અરજદારને સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૪, તા.૧૫–૯–૧૨ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૪૫, તા.૨૬/૯/૧૨ થી જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી નકલ ફી ના નાણાં જમા કરવા અંગે જાહેર માહિતી અધિકારીને જાણ કરી નહતી. જેથી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની લાગત મુદ્દા પુરતી અરજી દફતરે કરવામાં આવેલ અને તે અંગેની જાણ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૯૪, તા.૧૮/૧૦/૨૦૧૨ થી જાણ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ જોતા જણાય છે.

ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવા માટે નકલ ફી ના નાણાં જમા કરાવવા સમયમર્યાદામાં પત્રવ્યવહાર કરેલ તથા પૂરતા પ્રમાણમાં પ્રયત્નો કરવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ અરજદારે નકલ ફી ના નાણાં જમા ન કરાવી માહિતી મેળવેલ ન હોય, અરજદારની ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા પુરતી અરજી દફતરે કરવામાં આવેલ છે. વળી, અરજદારે પોતે પણ માહિતી મેળવવા જરૂરી પ્રયત્ન કરેલ હોવાનું પ્રથમદર્શને જણાતું નથી. તેમ છતાં અરજદાર હાલમાં તેઓને જણાવવામાં આવેલ નાણાં જમા કરાવી મળવાજોગ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) કનેથી મેળવવા સ્વતંત્ર છે.

સબબ, અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા રીપોર્ટમાં રજૂ કરેલ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

***હુકમઃ–***

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પુરી પાડવા માટે નકલ ફી ના નાણાં જમા કરાવવા સમયમર્યાદામાં પત્રવ્યવહાર કરેલ હોય અને અરજદારે નકલ ફી ના નાણાં જમા ન કરાવી માહિતી મેળવેલ ન હોય, અરજદારે જે કારણ દર્શાવી અપીલ કરેલ છે તે કારણ પુરવાર થતું નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નાણાં જમા કરાવવા માટે પત્રો લખી જણાવેલ છે. તે પત્રો અન્વયેના નાણાં અરજદારે જમા કરાવી માહિતી મેળવી લેવાની રહેશે અને જાહેર માહિતી અધિકારીએ તેવી માહિતી નાણાં જમા થયાની ખાતરી કરી પુરી પાડવાની રહેશે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને નવેસરથી બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૫૫૦
તા.૨૧–૧૧–૨૦૧૨

**પ્રતિ,**

(૧) શ્રી અમિત ધીરજભાઈ મહેતા,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અરજદાર : શ્રી અનિલ કે. પરમાર, પ્રમુખ, દલિત કલ્યાણ સેવા ટ્રસ્ટ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની શ્રી અનિલ કે. પરમાર, પ્રમુખ, દલિત કલ્યાણ સેવા ટ્રસ્ટની તા.૨૧–૦૯–૧૨ ના રોજ કરેલ અરજી આઈ.ડી. નં.૧૧૩૯(સેન્ટ્રલઝોન) થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદારે તા.૦૧/૧૨/૨૦૧૨ ના રોજ કરેલ પ્રથમ અપીલ નં.૦૬/૨૦૧૨–૧૩

## *અપીલના મુદ્દા :–*

અરજદારની વિષય હેઠળની અરજીથી માંગેલ માહિતીની નકલ મેળવવા વધુ પડતી રકમ ભરપાઈ કરવી પડેલ હોવા બાબત તેમજ આ અગાઉ અરજી કયા નિયમોને આધિન દફતરે કરવામાં આવેલ તેવી સ્પષ્ટતા કરવાના કારણ જણાવી હાલની પ્રથમ અપીલ દાખલ કરેલ છે. અરજદારે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૦/૧૨/૨૦૧૨ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદારની મુળ નમુના–ક ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી અત્રેના ખાતાને લાગત હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૬૫, તા.૦૩/૧૦/૨૦૧૨ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ.

અરજદારે સદરહુ નમુના–ક ની અરજીના.........

મુદ્દા નં.૨ થી " અનુસુચિત જાતિ/જનજાતિના પ્રથમ, બીજી અને ત્રીજી શ્રેણીના કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને સુરત મહાનગરપાલિકાની સેવામાંથી બરતરફ તેમજ સસ્પેન્શન હેઠળ મકવામાં આવ્યા હોય તેવા કર્મચારીઓને કયા કારણસર બરતરફ તેમજ સસ્પેન્ડ કરવામાં આવેલ છે તેના કારણો સહિત નામ–સરનામાની વિગત"

મુદ્દા નં.૩ થી "અનુસુચિત જાતિ/જનજાતિના પ્રથમ, બીજી અને ત્રીજી શ્રેણીના કર્મચારીઓ સામે સુરત મહાનગરપાલિકા ધ્વારા ખાતાકિય તપાસ ચાલતી હોય તેમજ તેઓની સામે જો કોઈ કોર્ટ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેવા કર્મચારીઓના નામ–સરનામાની વિગતો આપવી. તેમજ કયા કારણોસર મજકુર કર્મચારીઓ સામે ખાતાકિય તપાસ તેમજ કોર્ટ કાર્યવાહી કરવામાં આવી છે? તેની કારણો સહિત વિગતો" ની માંગણી કરેલ.

અરજદારે સદરહુ મુદ્દાઓથી અનુસુચિત જાતિ/જનજાતિના પ્રથમ, બીજી અને ત્રીજી શ્રેણીના કર્મચારીઓ બાબતે માંગણી કરેલ. પરંતુ અત્રેના ઉપલબ્ધ રેકર્ડ જોતા અરજદારે માંગ્યા મુજબની અનુસુચિત જાતિ/જનજાતિના કર્મચારીઓની માહિતી અત્રેના ઈન્કવાયરી ખાતામાં અલગથી રાખવામાં આવતી ન હોય, અત્રે ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના નકલના કુલ પાના નંગ–૪૦ અરજદારને અત્રેથી પુરા પાડવા કુલ રૂા.૮૦/– અંકે રૂપિયા એંસી પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટર ખાતે જમાં કરાવવા અરજદારને અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૮૯, તા.૧૫–૧૦–૨૦૧૨ થી જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર ધ્વારા માહિતીની નકલ ફી ના નાણાં અરજીની મુદત વિત્યા બાદ પણ જમા કરાવવામાં આવેલ નહી કે તે અંગે કોઈ પ્રત્યુત્તર પણ અત્રેના ખાતાને પાઠવવામાં આવેલ નહી. જેથી અરજદારને માહિતી મેળવવામાં રસ ન હોવાનું અનુમાન કરી તેમજ ઘણીવાર નમુના–ક ની અરજીથી માહિતીની માંગણી કરનાર અરજદાર નકલ ફી ના નાણાં ભરવા માટે જણાવવા છતાં, નકલ ફી ના નાણાં જમા કરાવતા નથી અને જેથી તેવા કિસ્સામાં જે તે અરજદારની અરજી અરજદારની ઉદાસીનતાને કારણે બિનજરૂરી પડતર રહે છે. જેથી હાલના કિસ્સામાં પણ તેમ ન બને તે માટે અત્રેના ખાતાને લાગત મુદ્દાઓ અન્વયેની અરજી દફતરે કરવામાં આવેલ અને તેની જાણ અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૦૮, તા.૨૯–૧૦–૧૨ થી કરવામાં આવેલ. જે પત્ર મળતા હાલના અપીલકર્તા–અરજદારે તા.૩૧–૧૦–૧૨ ના રોજ પત્ર લખી નાણાં ભરવા અંગેના સમયગાળા અંગે સ્પષ્ટતા કરતા, અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૧૯, તા.૦૫–૧૧–૨૦૧૨ થી સ્પષ્ટતા કરી નકલ મેળવવા ઈચ્છુક હોય તો જણાવ્યા મુજબના નાણાં ભરવા જણાવેલ. જે મુજબ અરજદારે નકલ ફી ના નાણાં જમા કરાવતા, અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪૯, તા.૨૧–૧૧–૧૨ થી ઉપલબ્ધ માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ.

અપીલકર્તા–અરજદારે અપીલના કારણમાં જણાવ્યા અનુસાર અનુસુચિત જાતિ/જનજાતિ સિવાયના કર્મચારીઓની પણ વણમાંગી વિગતો આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે તે બાબતે જણાવવાનું કે, માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૭ ની પેટા કલમ–૯ અન્વયે ભારત સરકારના કર્મચારીવર્ગ, જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય, કર્મચારીવર્ગ અને તાલીમ વિભાગની કચેરી યાદી નં.૧૧–૨–૨૦૦૮ આઈઆર, તા.૧૦–૭–૨૦૦૮ માં સૂચવ્યા મુજબ જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ સામગ્રીમાંથી(માહિતી) કોઈ અનુમાનિત નિષ્કર્ષ તારવી અરજદારને તે માહિતી પુરી પાડવાની રહેતી નથી. જાહેર માહિતી અધિકારીએ, જાહેર સત્તામંડળ પાસે સામગ્રી જે રૂપમાં હોય તે રૂપે પુરી પાડવાની હોય છે. અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ ઉપર અરજદારે કરેલ માંગણી મુજબ અનુસુચિત જાતિ/જનજાતિના કર્મચારીઓની જાતિ આધારિત અલગથી માહિતી નિભાવવામાં આવતી ન હોય, અરજદારની માંગણી મુજબની માહિતી જુદી તારવી પુરી પાડવાની રહેતી ન હોવાથી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ અનુસારની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ.

## *સુનાવણીની વિગતોઃ–*

એપેલન્ટને તેઓની અપીલ અન્વયે સુનાવણી માટે તા.૧૮/૧૨/૨૦૧૨ ના રોજ હાજર રહેવા માટે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૮૬, તા.૧૦/૧૨/૨૦૧૨ થી જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર મુદત તારીખે સુનાવણીમાં હાજર રહેલા નહી કે હાજર ન રહેવા બાબતે કોઈ જાણ પણ નીચે સહી કરનાર અપીલ અધિકારીને કરેલ નથી કે ટેલીફોનીક સંપર્ક પણ કરેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

હાલના એપેલન્ટની મુળ નમુના–ક ની અરજી જે તે સમયે ઈન્કવાયરી વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ અને ઈન્કવાયરી વિભાગ તરફથી અરજદારને ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.ર અને ૩ અન્વયેની આપવાજોગ માહિતીની નકલોના નકલ ફી ના નાણાં જમા કરાવવા અંગે અરજદારને સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૮૯, તા.૧૫–૧૦–૨૦૧૨ થી જાણ કરેલ. પરંતુ અરજદાર ધ્વારા માહિતીની નકલ ફી ના નાણાં અરજીની સમયમર્યાદામાં જમા કરાવવામાં ન આવતા, કે કોઈ પ્રત્યુત્તર પણ ન પાઠવતા અરજદારની અરજી દફતરે કરવામાં આવેલ. જે અરજી દફતરે કરવા બાબતેના નિયમો અંગેના કારણના જવાબમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવ્યા મુજબ અરજદાર ધ્વારા અરજીની સમયમર્યાદામાં નાણાં જમા ન કરાવતા તેમજ કોઈ પ્રત્યુત્તર પણ ન આપતા અરજદારને માહિતી મેળવવામાં રસ ન હોવાનું અનુમાન કરી તેમજ ઘણીવાર કેટલાક અરજદાર નકલ ફી ના નાણાં ભરવા માટે જણાવવા છતાં, નકલ ફી ના નાણાં જમા ન કરાવતા અરજી અરજદારની ઉદાસીનતાને કારણે તેવી અરજીઓ બિનજરૂરી પડતર પડી રહેતી હોય, હાલની અરજી પણ બિનજરૂરી રીતે પડતર ન રહે તે માટે અરજી દફતરે કરવામાં આવેલ અને તેની જાણ પણ અરજદારને કરવામાં આવેલ. જે પત્ર મળ્યા બાદ અરજદારે તા.૩૧–૧૦–૧૨ ના રોજ પત્ર લખી નાણાં ભરવા અંગેના સમયગાળા અંગે સ્પષ્ટતા માંગતા, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૧૯, તા.૦૫–૧૧–૨૦૧૨ થી નાણાં ભરવાના સમયગાળા બાબતે સ્પષ્ટતા કરી, અરજી દફતરે કર્યા બાદ પણ અરજદારે નકલ ફી ના નાણાં જમા કરાવતા, જાહેર માહિતી અધિકારી ધ્વારા નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪૯, તા.૨૧–૧૧–૧૨ થી ઉપલબ્ધ માહિતીની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જેથી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને માહિતી આપવા માટે સઘન પ્રયત્નો કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

અપીલના કારણમાં અનુસુચિત જાતિ/જનજાતિ સિવાયના કર્મચારીઓની પણ વણમાંગી વિગતો આપવામાં આવેલ હોવાની અપીલકર્તાએ રજુઆત કરેલ છે. પરંતુ માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૭ ની પેટા કલમ–૯ અન્વયે ભારત સરકારના કર્મચારીવર્ગ, જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય, કર્મચારીવર્ગ અને તાલીમ વિભાગની કચેરી યાદી નં.૧૧–૨–૨૦૦૮ આઈઆર, તા.૧૦–૭–૨૦૦૮ ની સૂચના જોતા, જાહેર માહિતી અધિકારીએ જે રૂપમાં માહિતી ઉપલબ્ધ હોય તે રૂપે જ પુરી પાડવાની હોય છે. અરજદારની માંગણી મુજબ કે અરજદારે અરજી સાથે રજૂ કરેલ નમુના મુજબ, ઉપલબ્ધ રેકર્ડમાંથી માંગણી મુજબની માહિતી અલગથી તારવીને પુરી પાડવાની રહેતી નથી. જેથી ઈન્કવાયરી વિભાગમાં અરજદારે કરેલ માંગણી મુજબ અનુસુચિત જાતિ/જનજાતિના કર્મચારીઓની જાતિ આધારિત મુજબની માહિતી અલગથી નિભાવવામાં આવતી ન હોય, નિયમાનુસાર જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ માહિતી આપેલ છે જે યોગ્ય જણાય છે.

સબબ, અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા રીપોર્ટમાં રજૂ કરેલ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માંગેલ માહિતી અન્વયે ઉપર ચર્ચેલ વિગતે નિયમાનુસાર રેકર્ડ ઉપર જે સ્વરૂપે માહિતી ઉપલબ્ધ હોય તે સ્વરૂપે જ માહિત પુરી પાડવાની હોય છે, જેથી તે અનુસાર માહિતી પુરી પાડેલ હોય, વણમાંગી વિગતો આપવામાં આવેલ હોવાનું કારણ પુરવાર થતું નથી. અગાઉ અરજી દફતરે કરવા બાબતે ઉપર ચર્ચેલ વિગતે જાહેર માહિતી અધિકારીએ કરેલ સ્પષ્ટતા સંતોષકારક જણાતી હોય, તેમજ અરજી દફતરે કર્યા બાદ પણ અરજદાર સાથેના પત્રવ્યવહાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેથી તે કારણ બાબતે પણ અત્રેથી વધુ કોઈ સ્પષ્ટતા કરવાની રહેતી નથી. સબબ, અપેલન્ટની અપીલ ઉપરોકત હકીકતે દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને નવેસરથી બીજી અપીલ કરવા અપીલકર્તાનો હકક અબાધિત રહેશે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૧૩
તા.૨૮–૧૨–૨૦૧૨

**પ્રતિ,**

(૧) શ્રી અનિલ કે. પરમાર,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૭, ૨૦૧૨–૧૩**

**અરજદાર : શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૧–૧૧–૨૦૧૨ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૪૯૨(સેન્ટ્રલઝોન) ના મુદ્દા નં.૬ નો આપેલ જવાબ બાબત.

સંદર્ભઃ– અરજદારે તા.૧૭/૧૨/૨૦૧૨ ના રોજ કરેલ પ્રથમ અપીલ.

## અપીલના મુદ્દા :–

અરજદારની વિષય હેઠળની અરજીથી માંગેલ માહિતી અંગે 'ના' નો પ્રત્યુત્તર અને અસ્પષ્ટ અને અધુરી માહિતી મળેલ હોવાનું કારણ જણાવી મ્યુ.કમિશ્નરશ્રીએ અપીલ અધિકારી તરીકે ઉદ્દેશી તા.૧૭/૧૨/૧૨ ના રોજ જે અપીલ કરેલ છે. તે અપીલ અત્રેના એપેલેટ સત્તાધિકારી અને ખાતાકીય તપાસ અધિકારીશ્રીને સંબંધિત મુદ્દા અન્વયે મોકલવામાં આવેલ. જે અરજદારે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા......../૧૨/૨૦૧૨ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૧–૧૧–૨૦૧૨ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૪૯૨(સેન્ટ્રલઝોન) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના તા.૭/૧૧/૧૨ ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૧૩૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૦૮–૧૧–૧૨ ના રોજ મળેલ. અરજદાર ધ્વારા તેઓની ઉપરોકત અરજીથી હાઈડ્રોલીક વિભાગના બે કર્મચારીઓ શ્રી કેતન. વી. ઉપાધ્યાય, કર્મ.નં.૨૨૦૫૩ તથા શ્રી દિપક એન. સોપારીવાલા, કર્મ.નં.૧૧૭૫૯ ની વિવિધ મુદ્દે માહિતી માંગતી અરજી કરેલ છે. જે પૈકી કેતન. વી. ઉપાધ્યાય, કર્મ.નં.૨૨૦૫૩ અંગે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૬ અન્વયે પુર્તતા અરજદારને અત્રેથી આપવાજોગ છે. જયારે શ્રી દિપક સોપારીવાલા બાબતે માંગેલ માહિતી પૈકીનો કોઈપણ મુદ્દો અત્રેના ખાતાને લાગત નથી.

અરજદારે કેતન. વી. ઉપાધ્યાય અંગે મુદ્દા નં.૬ થી "અગાઉ ગં.સ્વ.નીતાબેન સાતભાયા કોર્પોરેટરના સમયમાં ફાઈલેરીયા વિભાગમાં ૯૦ લાખની લીલ કૌભાંડ વખતે નીતાબેન સાતભાયાના ખૂનના અનુસંધાનમાં લીલ કૌભાંડમાં આજ મજકુર કર્મચારી વિરૂધ્ધ વીજીલન્સ અને ખાતાકીય તપાસ ચાલેલી તે તમામ પેપરોની માહિતી" ની માંગણી કરેલ.

જેથી અરજદારની માંગણી અન્વયે અત્રે ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ જોતા, શ્રી કેતન. વી. ઉપાધ્યાય સામે લીલવેલ કૌભાંડમાં કોઈ ખાતાકીય તપાસ અત્રેથી કરવામાં આવેલ હોવાનું જણાયેલ નહી. પરંતુ તેઓની ફાઈલેરીયા વિભાગની ફરજ દરમ્યાનના અન્ય બનાવ બાબતે ખાતાકીય તપાસની કાર્યવાહીઓ થયેલ છે. જેથી અરજદારની માંગણી અન્વયે શ્રી કેતન. વી. ઉપાધ્યાય, કર્મ.નં.૨૨૦૫૩ સામે લીલવેલ પ્રકરણ બાબતે અત્રેથી કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ ન હોવાથી તે મુજબનો જવાબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪૫, તા.૨૦/૧૧/૨૦૧૨ થી પાઠવવામાં આવેલ. જેથી અપીલકર્તાએ અપીલમાં જણાવ્યા મુજબ 'ના' માં જવાબ આપી કોઈ માહિતી છુપાવેલ નથી.

## સુનાવણીની વિગતોઃ–

સેકશન ઓફીસર(આઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## અપીલ અધિકારીનું તારણઃ–

હાલના એપેલન્ટે કરેલ અપીલના કારણ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલની હકીકત જોતા, હાલના અપીલકર્તા–અરજદારે તેઓની વિષય હેઠળની નમુના–ક ની મુળ અરજીથી હાઈડ્રોલીક ખાતાના કર્મચારી શ્રી કેતન. વી. ઉપાધ્યાય અંગે મુદ્દા નં.૬ થી "અગાઉ ગં.સ્વ.નીતાબેન સાતભાયા કોર્પોરેટરના સમયમાં ફાઈલેરીયા વિભાગમાં ૯૦ લાખની લીલ કૌભાંડ વખતે નીતાબેન સાતભાયાના ખૂનના અનુસંધાનમાં લીલ કૌભાંડમાં આજ મજકુર કર્મચારી વિરૂધ્ધ વીજીલન્સ અને ખાતાકીય તપાસ ચાલેલી તે તમામ પેપરોની માહિતી" ની માંગણી કરેલ. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ અનુસાર શ્રી કેતન. વી. ઉપાધ્યાય સામે અરજદારની માંગણી અન્વયે નીતાબેન સાતભાયાના ખૂનના અનુસંધાનમાં લીલવેલ કૌભાંડમાં કોઈ ખાતાકીય તપાસ ઈન્કવાયરી વિભાગમાંથી કરવામાં આવેલ હોવાનું જણાયેલ નહી. જેથી તે મુજબનો જવાબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ)એ તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪૫, તા.૨૦/૧૧/૨૦૧૨ થી અરજદારને પાઠવેલ. આમ, જાહેર માહિતી અધિકારીએ અરજદાર–અપીલકર્તાની માંગણી મુજબના લીલવેલ કૌભાંડના બનાવના અનુસંધાને રેકર્ડ આધારિત જવાબ આપી અરજદારથી કોઈ માહિતી છુપાવેલ હોવાનું પુરવાર થતું ન હોય, જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય જણાય છે.

સબબ, અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા રીપોર્ટમાં રજૂ કરેલ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની માંગણી મુજબના બનાવના અનુસંધાને રેકર્ડ આધારિત જવાબ આપી અરજદારથી કોઈ માહિતી છુપાવેલ હોવાનું પુરવાર થતું ન હોય, જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય જણાય છે. જેથી અપીલકર્તાની હાલની અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને નવેસરથી બીજી અપીલ કરવા અપીલકર્તાને હકક અબાધિત રહેશે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૮૫
તા.૨૮–૧–૨૦૧૩

**પ્રતિ,**

(૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૮, ૨૦૧૨–૧૩**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ** |
| **સામાવાળા** | **:** | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

## ***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની અરજદારની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૮૦૬(સેન્ટ્રલઝોન), તા.૦૩/૧/૨૦૧૩ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૭૬, તા.૨૩/૦૧/૧૩ થી આપવામાં આવેલ જવાબ સામે અપીલ.

સંદર્ભઃ– અરજદારે તા.૨૮/૦૧/૨૦૧૩ ના રોજ કરેલ પ્રથમ અપીલ.

## ***અપીલના મુદ્દા :–***

અરજદારની વિષય હેઠળની અરજીથી માંગેલ માહિતી અંગે આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ, તપાસ સોંપેલ તેની નકલ, થયેલ કાર્યવાહીની નકલ, નોટીસો બનાવી ડે.કમિશ્નરશ્રીને આપેલ છે તેની નકલ તથા આજ સુધી થયેલ તપાસની માહિતીની નકલો સાથે ખરી નકલમાં માહિતી નહી પુરી પાડી હોવાના કારણસર અપીલ સત્તાધિકારી અને ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસરશ્રીને ઉદ્દેશીને તા.૨૮–૦૧–૧૩ ના રોજ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળ અપીલ કરેલ છે. અરજદારે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૯/૦૨/૨૦૧૩ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

પ્રસ્તુત કિસ્સામાં હકીકત એ છે કે, અરજદાર ધ્વારા કરવામાં આવેલ નમુના–ક હેઠળની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૮૦૬(સેન્ટ્રલઝોન), તા.૦૩/૧/૨૦૧૩ થી માંગવામાં આવેલ માહિતી પૈકી આંશિક માહિતી પુરી પાડવા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનનો પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૭૨૭, તા.૦૫/૦૧/૨૦૧૩ થી અત્રેના ખાતાને મળેલ. સદરહુ અરજીમાં અરજદારે કોસાડ ખાતે EWS આવાસનું બાંધકામ સંપાદન થયા વગરની જમીન ઉપર કરવા બાબતે માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મદ્દા નં.૩ "ખાતાકીય તપાસ અધિકારી ધ્વારા આ બાબતે તપાસ શરૂ થવાથી આજ સુધી થયેલ કાર્યવાહીની ખરી નકલો સહિતની સંપુર્ણ માહિતી" ની માહિતીની માંગણી કરેલ.

અરજદારની સદર પ્રકરણ સંદર્ભની માંગણી અન્વયે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૭૬, તા.૨૩/૧/૨૦૧૩ થી યોગ્ય જવાબ પાઠવી આપવાજોગ નકલ પુરી પાડવામાં આવેલ અને અરજદારની આ અગાઉની આજ બનાવ બાબતે તા.૧૨/૧૨/૧૧ ના રોજની નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૩૧૫ થી માંગેલ માહિતી બાબતે અરજદારને અત્રેથી તા.૧૩/૪/૧૨ ના રોજ માંગ્યા મુજબની નકલો અપીલના તબકકે પુરી પાડવામાં આવેલ. એટલે કે, સદર પ્રકરણ સંલગ્ન તમામ ઉપલબ્ધ માહિતી અરજદારને આપવામાં આવેલ છે.

આમ, અરજદારને કોસાડ ખાતે EWS આવાસના બાંધકામ બાબતે તેઓની જુદી જુદી અરજીના તબકકે નીચે જણાવ્યા મુજબ માહિતીની નકલો પુરી પાડી દેવામાં આવેલ છે.

| અ.નં. | અરજી આઈ.ડી.નંબર તથા અત્રેનો પત્ર નંબર | આપેલ દસ્તાવેજોની વિગતો |
|---|---|---|
| ૧ | અરજી આઈ.ડી. નં.૧૩૧૫, તા.૧૨/૧૨/૧૧<br>અત્રેનો પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૭<br>તા.૧૩/૪/૧૨ | ૧.જવાબદાર અધિકારીઓને આપવામાં આવેલ કારણદર્શક નોટીસોની નકલ.<br>૨.ટાઉન પ્લાનર(બી) ધ્વારા તૈયાર કરવામાં આવેલ રીપોર્ટની નકલ. |
| ૨ | અરજી આઈ.ડી.નં.૧૮૦૬(સેન્ટ્રલઝોન), તા.૦૩/૧/૨૦૧૩<br>અત્રેનો પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૭૬<br>તા.૨૩/૧/૨૦૧૩ | ૩. આ કિસ્સામાં કમિશ્નરશ્રી ધ્વારા સોંપવામાં આવેલ તપાસ અંગેની નોંધની નકલ.<br>૪. તપાસ બાબતે વીજીલન્સ ખાતા તરફથી અત્રે મોકલવામાં આવેલ પત્રની નકલ. |

આમ, અરજદાર ધ્વારા કોસાડ ખાતે EWS આવાસનું બાંધકામ બાબતે તેઓની જુદી જુદી અરજીઓથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે આપવાજોગ ઉપલબ્ધ તમામ માહિતી તથા માંગ્યા મુજબના ઉપર જણાવેલા દસ્તાવેજોની નકલો અરજદારને જે તે સમયે પુરી પાડી દેવામાં આવેલ હોવા છતાં અરજદારે હાલની અપીલ કરેલ છે.

## ***સુનાવણીની વિગતોઃ–***

સેકશન ઓફીસર(આઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

હાલના એપેલન્ટે કરેલ અપીલના કારણ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલની હકીકત જોતા, હાલના અરજદાર ધ્વારા કોસાડ ખાતે EWS આવાસનું બાંધકામ બાબતે તેઓની જુદી જુદી અરજીઓથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે આપવાજોગ ઉપલબ્ધ તમામ માહિતી તથા માંગ્યા મુજબના દસ્તાવેજોની નકલો

જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જે તે સમયે પુરી પાડી દેવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી અરજદારને નકલો ન આપેલ હોવાનું જે કારણ અપીલમાં જણાવેલ છે તે પુરવાર થતું નથી. સબબ, અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા રીપોર્ટમાં રજૂ કરેલ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –: ***હુકમ*** :–

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની માંગણી મુજબના બનાવના અનુસંધાને ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ તમામ માહિતીની નકલો પુરી પાડી દીધેલ હોય, અરજદારના અપીલ કરવા અંગેના કારણો પુરવાર થતા નથી. સબબ, અપીલ અંગે અત્રેથી વધુ કોઈ કાર્યવાહી કરવાની થતી ન હોય, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા સ્વતંત્ર રહેશે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૭૭૦
તા.૨૫–૦૨–૨૦૧૩

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૯, ૨૦૧૨–૧૩**

**અરજદાર : શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૧–૧–૨૦૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૮૭૮(સેન્ટ્રલઝોન) નો આપેલ જવાબ બાબત.

સંદર્ભઃ– અરજદારે તા.૧૨/૦૨/૨૦૧૩ ના રોજ કરેલ પ્રથમ અપીલ.

## ***અપીલના મુદ્દા :–***

અરજદારની વિષય હેઠળની અરજીથી માંગેલ માહિતી અંગે અપીલના કારણમાં જણાવ્યા મુજબ પોતાને જેમ ફાવે તેમ જવાબ આપેલ હોવાના કારણથી તેમજ બેફીકર અને બેદરકારી ભરેલ જવાબ આપેલહોવાનું કારણ જણાવી મ્યુ.કમિશ્નરશ્રીએ અપીલ અધિકારી તરીકે ઉદ્દેશી તા.૧૨/૨/૧૩ ના રોજ જે અપીલ કરેલ છે. તે અપીલ અત્રેના એપેલેટ સત્તાધિકારી અને ખાતાકીય તપાસ અધિકારીશ્રીને મોકલવામાં આવેલ. જે અરજદારે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા......../૦૩/૨૦૧૩ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદારની નમુના–ક ની તા.૧૧–૧–૨૦૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૮૭૮(સેન્ટ્રલઝોન) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૫૯, તા.૩૧/૦૧/૨૦૧૩ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેઓની સદરહુ અરજીથી સુરત મહાનગરપાલિકામાં થયેલ ડ્રાઈવરોની ભરતી બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની કરેલ માંગણી અન્વયે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૨૩, તા.૦૭/૦૨/૨૦૧૩ થી પુર્તતા કરવામાં આવેલ.

આમ, અરજદારે તેઓની અરજીમાં તા.૯/૧/૧૩ ની તારીખનો ઉલ્લેખ કરીને ડ્રાઈવરોની ભરતી પ્રક્રિયા બાબતે ડ્રાઈવરો તેમજ અધિકારીઓને કારણદર્શક નોટીસ બાબતે માહિતીની માંગણી કરેલ. પરંતુ અત્રેનો રેકર્ડ જોતા ખરી હકીકતમાં સદરહુ ભરતી પ્રક્રિયામાં તા.૯/૧/૧૩ ના રોજ કોઈ અધિકારીઓને કે ડ્રાઈવરોને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ નથી. સદર કામે ડ્રાઈવરોને તા.૨૯/૧૨/૧૨ ના રોજ તથા અધિકારીઓને તા.૩/૧/૧૩ ના રોજ નોટીસો આપવામાં આવેલ છે. વધુમાં અરજીના મુદ્દા નં.૪ અને ૫ માં જણાવ્યા અનુસાર ઈન્કવાયરી ખાતામાંથી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફીસર શ્રી નરેશ પારેખને કોઈ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ ન હોય તેમજ અરજદારની માંગણી અન્વયે તા.૯/૧/૧૩ ના રોજ કોઈ અધિકારી કે ડ્રાઈવરોને નોટીસ આપવામાં આવેલ ન હોય, અરજદારને તેઓની માંગણી અન્વયે અત્રેથી આપવામાં આવેલ જવાબ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય હોય, અરજદારને અપીલના કારણમાં જણાવ્યા મુજબ પોતાને જેમ ફાવે તેમ જવાબ આપવાનો કે બેફીકર અને બેદરકારી ભરેલ જવાબ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ***સુનાવણીની વિગતોઃ–***

સેકશન ઓફીસર(આઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ તેમજ રજૂ કરેલ રેકર્ડ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

હાલના એપેલન્ટે કરેલ અપીલના કારણ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા, અપીલકર્તાએ તેઓની નમુના–ક ની તા.૧૧–૧–૨૦૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૮૭૮(સેન્ટ્રલઝોન) થી સુરત મહાનગરપાલિકામાં થયેલ ડ્રાઈવરોની ભરતી બાબતે તા.૯/૧/૧૩ ની તારીખનો ઉલ્લેખ કરીને તે તારીખે ડ્રાઈવરો તેમજ અધિકારીઓને કારણદર્શક નોટીસ અપેલ હોવાનું જણાવી તેની નકલ તેમજ માહિતીની માંગણી કરેલી. પરંતુ ઈન્કવાયરી ખાતાના રેકર્ડ અનુસાર સદરહુ ભરતી પ્રક્રિયામાં તા.૯/૧/૧૩ ની તારીખમાં કોઈ અધિકારીઓને કે ડ્રાઈવરોને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં આવેલ પુર્તતા જોતા, સદર કામે ડ્રાઈવરોને તા.૨૯/૧૨/૧૨ ના રોજ તથા અધિકારીઓને તા.૩/૧/૧૩ ના રોજ નોટીસો આપવામાં આવેલ છે. અરજદારે શો–કોઝ નોટીસ આપવાની તારીખ ખોટી જણાવેલી છે. તા.૯/૧/૧૩ ની તારીખથી કોઈ જ કર્મચારીને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ નથી. અરજદારની અરજીના મુદ્દા નં.૪ અને ૫ માં જણાવ્યા અનુસાર ઈન્કવાયરી ખાતામાંથી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફીસર શ્રી નરેશ પારેખને કોઈ કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ ન હોય તેમજ અરજદારની માંગણી અન્વયે તા.૯/૧/૧૩ ની તારીખમાં કોઈ અધિકારી કે ડ્રાઈવરોને નોટીસ આપવામાં આવેલ ન હોય, અરજદારની માંગણી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૨૩, તા.૦૭/૦૨/૨૦૧૩ થી આપવામાં આવેલ જવાબ રેકર્ડ જોતા સાચો અને યોગ્ય હોવાનું જણાય છે. સબબ, અરજદારને અપીલના કારણમાં જણાવ્યા મુજબ "પોતાને જેમ ફાવે તેમ જવાબ આપવાનો" કે "બેફીકર અને

બેદરકારી ભરેલ જવાબ" જાહેર માહિતી અધિકારીએ આપેલ હોવાનું પુરવાર થતું ન હોય, અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા રીપોર્ટમાં રજૂ કરેલ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: *હુકમ* :–**

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની માંગણી મુજબની માહિતીના અનુસંધાને રેકર્ડ આધારિત જવાબ આપી પોતાને જેમ ફાવે તેમ કે બેફીકર અને બેદરકારી ભરેલ જવાબ પાઠવેલ હોવાનું પુરવાર થતું નથી. અરજદારે શો–કોઝ નોટીસ આપવાની તારીખ ખોટી જણાવેલી છે. તા.૯/૧/૧૩ ની તારીખથી કોઈ જ કર્મચારીને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય જણાય છે. જેથી અપીલકર્તાની અપીલ અન્વયે અત્રેથી કોઈ હુકમ કરવાનો રહતો ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશનરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને નવેસરથી બીજી અપીલ કરવા અપીલકર્તાને હકક અબાધિત રહેશે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર(આરટીઆઈ)
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૭૮૯
તા.૦૭–૩–૨૦૧૩

**પ્રતિ,**

(૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) શ્રી યોગેશ એચ. જોષી પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......